

## ઈડર ખાતે એકલિંગજી મહાદેવનો પાટોત્સવ ઉજવાયો

ઈડર તાલુકા ભટ્ટ મેવાડા સમસ્ત બ્રહ્મસમાજ દ્વારા એકલિંગજી પાટોત્સવ નિમિત્તે હોમાત્મક લઘુરૂદ્રનું આયોજન ઈડર રામજી મંદિર ખાતે કર્યું હતું. જેમાં ૨૪ યજમાનોએ લાભ લીધો હતો. જાહેર કાર્યક્રમમાં સમાજ અગ્રણીઓના વરદહસ્તે ઈનામ વિતરણ કરાયું હતું. હોદ્દેદારો, કારોબારી, કાર્યકરો સહિત મોટી સંખ્યામાં બ્રાહ્મણો ઉપસ્થિત રહ્યા હતા.

# પ્રાંતિજ ખાતે જાયન્ટ્સ ગૃપના ત્રણ પ્રમુખોનો શપથવિધિ સમારોહ યોજાયો

પ્રાંતિજ, તા. ૨૭

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ ખાતે સેવાભાવી સંસ્થા તરીકે કાર્યરત જાયન્ટ્સ ગૃપ ઓફ પ્રાંતિજ ગોલ્ડ




તથા જાયન્ટ્સ ગૃપ ઓફ પ્રાંતિજ સહેલી તથા યંગ જાયન્ટ્સ પ્રાંતિજ ગોલ્ડના પ્રમુખોનો શપથવિધિ સમારોહ યોજાયો હતો.

પ્રાંતિજ ખાતે શનિવારના રોજ વી.એસ. રાવલ પીટીસી કોલેજ ખાતે જાયન્ટ્સ ગૃપના ત્રણ પ્રમુખોનો શપથવિધિ સમારોહ યોજાયો હતો. જેમાં આવનાર મહેમાનો દ્વારા દિપ પ્રાગટય બાદ કાર્યક્રમને ખુલ્લો મુકવામાં આવ્યો હતો અને મહેમાનોનું સ્વાગત બાદ શપથવિધિ સમારંભમાં જાયન્ટ્સ ગૃપ ઓફ પ્રાંતિજ ગોલ્ડના પ્રમુખ તરીકે પરેશભાઈ સોની, જાયન્ટ્સ ગૃપ ઓફ પ્રાંતિજ સાહેલીના પ્રમુખ તરીકે તુપ્તીબેન.આર. ખમાર અને યંગ જાયન્ટ્સ પ્રાંતિજ ગોલ્ડના પ્રમુખ તરીકે ઉદિતભાઈએ પ્રમુખ તરીકેના શપથ લીધા હતાં. જયારે જાયન્ટ્સના સભ્યોએ પણ શપથ લીધા હતાં. જયારે પ્રાંતિજના વતની અને નગરપાલિકા પૂર્વ પ્રમુખ ભરતભાઈ સોલંકીને તેમની સેવાઓ બદલ તેમણે સિલ્ડ આપી જાહેરમાં સન્માન કરવામાં આવ્યું હતું જયારે પોતે મુસ્લિમ હોવાં છતાં હિન્દુ-મુસ્લીમનો ભેદભાવ રાખ્યા વગર હિન્દુ મુસ્લિમ બન્ને સમાજના લોકોની સેવા કરતા નુરભાઈ મુન્શીનું પણ જાયન્ટસ ગૃપ ગોલ્ડ દ્વારા શાલ ઓઢાડીને સન્માન કરવામાં આવ્યું હતું જયારે આ પ્રસંગે પ્રાંતિજ સ્વામીનારાયણ મંદિરના મહંત ગોપાલદાસજી પ્રાંતિજ-તલોદના ધારાસભ્ય મહેન્દ્ર સિંહ બારૈયા, નગરપાલિકા પ્રમુખ નિરવભાઈ પરીખ, ડાૅ. એન .કે. ડેરિયા, વજેશભાઈ, સમીરભાઈ શર્મા, રીતેષ ખમાર, બ્રિજેશભાઈ વગેરે રાજકિય આગેવાનો પ્રાંતિજ તથા તાલુકામાંથી આમંત્રિત મહેમાનો સહિત જાયન્ટ્સ ગૃપના સભ્યો સહિત લોકો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતાં. જયારે સમગ્ર કાર્યક્રમનું સફળ સંચાલન હરેશભાઈ દરજી, મહેન્દ્રભાઈ પ્રજાપતિ દ્વારા કરવામાં આવ્યું હતું.

## મજરા ખાતે સગીરાએ ગળાફાંસો ખાઈ જીવનલીલાં સંકેલી

સાબરકાંઠા જિલ્લાનાં પ્રાંતિજ તાલુકાનાં મજરા ખાતે એક સગીરાએ પોતાનાં ઘરે ગળેફાંસો ખાઈ લઈને જીવનલીલાં ટુંકાવી લીધી છે. પ્રાંતિજ પોલિસ સ્ટેશન ઉપરથી મળતી માહિતી મુજબ પ્રાંતિજ તાલુકાનાં મજરા ખાતે સેજલબેન કિરીટભાઈ પરીખ ઉ. વર્ષ- ૧૮ કે સવારના દસ કલાકે પોતાનાં ઘરે અગમ્ય કારણોસર ગળેફાંસો ખાઈ લઈને પોતાની જીવનલીલા નો અંત આણ્યો હતો જયારે મૃતક યુવતીનો મૃતદેહ પ્રાંતિજ સામુહિક આરોગ્ય કેન્દ્ર ખાતે પી.એમ અર્થે લઈ જવામાં આવ્યો હતો અને પ્રાંતિજને જાણ થતાં પ્રાંતિજ પોલીસે ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે.

## નવા કેટીએમ ડ્યુક્સની હિંમતનગરમાં રજૂઆત

### ૩૯૦ ડ્યુક, ૨૫૦ ડ્યુક અને ૨૦૦ ડ્યુક માટે બૂકિંગ શરૂ

બજાજ ઓટો લિ.એ તમામ નવી કેટીએમ ડ્યુક રેન્જમાં ૩૯૦ ડ્યુક, ૨૫૦ ડ્યુક અને ૨૦૦ ડ્યુક સામેલ છે. કેટીએમ યુરોપની નં. ૧ મોટરસાઈકલ બ્રાન્ડ છે જે ૨૦૧૨થી દેશમાં ઝડપથી વિકસતી સ્પોર્ટ્સ મોટરસાઈકલ બ્રાન્ડ બની રહી છે.

નવી ડ્યુક રેન્જમાં ૩૯૦ ડ્યુક મુખ્ય છે. તે તેના થ્રિલિંગ પાવર અને રેસ ટેકનોલોજી માટે તેના ચાહકોમાં અત્યંત લોકપ્રિય છે. ૩૯૦ ડ્યુક ૨૦૧૭માં સૌથી વધુ આકર્ષણ બની રહેશે. તેની રેડિકલ ડિઝાઈનમાં સ્પ્લિટ એલઈડી હેડલેમ્પ્સ સામેલ છે, વિશાળ સ્ટીલ ફ્યુલ ટેન્ક અને ડ્યુલ કલર સ્પ્લિટ ફ્રેમ છે.



તેની આક્રમક ડિઝાઈનની સાથે તેમાં શક્તિશાળી એન્જિન છે જે ૪૩.૫ પીએસ પાવર આપે છે અને ૩૭ એનએમ ટોર્ક આપે છે. તેમાં નવા પ્રિમિયમ ફિચર્સ જેમકે રાઈડ બાય વાયર છે જે સ્મૂધ થ્રોટલ રિસ્પોન્સ આપે છે જે થ્રોટલ કેબલ દૂર કરીને આપે છે. તેના સેન્સર્સનો ઉપયોગ થાય છે. તેની શ્રેણીમાં પ્રથમ મલ્ટી કલર ટીએફટી ડિસ્પ્લે સામેલ છે જે હેન્ડલબારમાંથી સ્માર્ટફોનને હેન્ડલ કરવામાં મદદ કરે છે. વિશાળ ૩૨૦ એમએમ રોટર ફ્રન્ટ ડિસ્ક બ્રેક છે જે સ્ટોપિંગ પાવર વધારે છે અને બોશ દ્વારા એબીએસ સુવિધાથી સજ્જ છે અને ૩૯૦ ડ્યુકમાં જે સ્લિપર કલચ છે તે અજોડ છે.

ભારતમાં ડ્યુક પરિવારમાં જે નવું આગમન થયું છે તે ૨૫૦ ડ્યુક છે. વિશાળ ડ્યુકસની શ્રેણીમાં ૨૫૦ ડ્યુક તેના રેસિંગ જિન્સ ૩૦ પીએસ પાવર દર્શાવે છે, સ્લિપર કલચ અને અલ્ટ્રાલાઈટ ચેસિસ ધરાવે છે. નવી વિકસિત બોલ્ટ ઓન સબ ફ્રેમથી ૨૫૦ ડ્યુક ટ્રાફિકની સ્થિતિમાં સરળતાથી દોડવા માટે અનુકૂળ બનાવે છે. ૨૫૦ ડ્યુક વ્હાઈટ અને ઓરેન્જ કલરમાં ઉપલબ્ધ છે. ૨૦૦ ડ્યુક એ મોસ્ટ પોપ્યુલર પ્રિમિયમ શ્રેણી કરતા દેશમાં અલગ છે જેમાં રિફ્રેશ્ડ ગ્રાફિક સ્કીમ ૨૦૧૭ માટે રજૂ કરાઈ છે. તે ઓરેન્જ, વ્હાઈટ અને બ્લેક કલર્સમાં ઉપબ્ધ છે.

# આજે પાલનપુરમાં પોસ્ટ ઓફિસ પાસપોર્ટ સેવાકેન્દ્રનો મુખ્યમંત્રીના હસ્તે પ્રારંભ

ગાંધીનગર, તા. ૨૭

મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણી આવતીકાલ મંગળવાર તા. ૨૮ માર્ચે સવારે ૧૦.૩૦ કલાકે બનાસકાંઠાના પાલનપુરમાં પોસ્ટ ઓફિસ પાસપોર્ટ સેવા કેન્દ્રનો પ્રારંભ કરાવશે.

આ પાસપોર્ટ સેવાકેન્દ્ર અંતર્ગત બનાસકાંઠા, મહેસાણા અને પાટણ જિલ્લાના નાગરિકો પોતાના પાસપોર્ટ સંબંધી કામકાજ માટે પાલનપુર પોસ્ટ ઓફિસ ખાતેથી સેવાઓ મેળવી શકાશે. કેન્દ્ર સરકારે પોસ્ટ ઓફિસોમાં પાસપોર્ટ સેવાકેન્દ્રો શરૂ કરવાના હાથ ધરેલા પ્રજાહિતલક્ષી અભિગમ રૂપે ગુજરાતમાં પ્રથમ તબક્કામાં દાહોદ, પાલનપુર અને ભૂજ પોસ્ટ ઓફિસનો સમાવેશ કરવામાં આવ્યો છે. દાહોદનું આ પ્રકારનું કેન્દ્ર પાયલોટ પ્રોજેક્ટ તરીકે ૨૫ જાન્યુઆરી-૨૦૧૭થી કાર્યરત થયું છે.

આ પોસ્ટ ઓફિસ પાસપોર્ટ સેવાકેન્દ્રના ઉદ્દ્ઘાટન પ્રસંગે કેન્દ્રીય મંત્રી હરિભાઈ ચૌધરી, રાજ્યના મંત્રી દિલીપકુમાર ઠાકોર, શંકરભાઈ ચૌધરી, કેશાજી ચૌહાણ પણ મુખ્યમંત્રી સાથે ઉપસ્થિત રહેવાના છે.

# જ્યોતિષો, અંકશાસ્ત્રીઓ, વાસ્તુશાસ્ત્રીઓ, ટેરેટ કાર્ડ રીડર, ચક્ર બેલેન્સિંગ નિષ્ણાતોનો મેળો

અમદાવાદ, તા. ૨૭

અમદાવાદમાં આમ તો જ્વેલરીથી લઈને પ્રોપર્ટી સુધીના અનેક એક્ઝીબીશન થતા હોય




છે. પરંતુ શહેરમાં એક અનોખુ પ્રદર્શન થવા જઈ રહ્યું છે. અમદાવાદમાં દેશભરના જાણીતા અને પ્રખ્યાત જ્યોતિષીઓ, વાસ્તુશાસ્ત્રીઓ, અંકશાસ્ત્રીઓ, હીલિંગ, ચક્ર બેલેન્સીંગ અને ટેરોટ કાર્ડ રીડર ભેગા થશે અને સમસ્યાથી પીડાતા લોકોને માર્ગદર્શન આપશે. જોવાની વાત એ છે કે આ નિષ્ણાતો પોતાની સેવાનો લાભ ફ્રી ઝોનમાં નિશુલ્ક એટલે કે મફત આપશે.

ફોરચ્યુન મેલા શીબીરમાં બે દિવસ દરમિયાન દેશભરના જાણીતા અને પ્રખ્યાત જ્યોતિષિઓ જેવા પંડિત દયાનંદ શાસ્ત્રી, કલ્પનાબેન શર્મા, કમલેશ પુરોહિત, કિરીટભાઈ જાની, ડાૅ સંજય ગુપ્તા, આચાર્ય સૂર્ય પ્રકાશ, વિકલ્પભાઈ શાહ, શાલુબેન બંશલ, કીર્તિભાઈ શાહ, ચેતન પટેલ, જ્યોતિષ દીદી, શ્વેતા ખત્રી, પ્રીતિબેન દવે જેવા સુપ્રસિદ્ધ વિદ્વાનો એમની અમૂલ્ય સેવાઓ પુરી પડશે. શીબીરમાં એક ફ્રી કન્સલટીંગ ઝોન ઉભો કરવામાં આવ્યો છે જેમાં નિષ્ણાતો લોકોને માર્ગદર્શન આપશે.

આ શિબિરમાં નિષ્ણાતો લોકોની જન્મ કુંડળીની સાથે સાથે ફેસ રીડિંગ તેમ જ ઓરા સ્કેનીંગ તથા અંકોની ગણતરી અને ટેરોટ કાર્ડ રીડિંગના માધ્યમથી ભવિષ્ય કેવું હશે તે જણાવશે સાથે સાથે વાસ્તુશાસ્ત્રના નિષ્ણાત પણ આ શિબિરમાં પોતાની સેવાઓનો લાભ આપશે. આ શિબિરમાં વૈજ્ઞાનિક પદ્ધતિથી ઔરા રીડિંગ સંપૂર્ણ સાયન્ટિફિક યંત્રોના માધ્યમથી શરીરની ઉર્જાની ચકાસણી વગેરે અંગે પણ આપવામાં આવશે. આ શીબીર અમદાવાદ સી જી રોડ ખાતે સ્વસ્તિક ક્રોસ રોડ પર શ્રી સત્તાવીસ દશા પોરવાડ વિદ્યા મંદિરમાં લીલાવતી કનૈયાલાલ હોલમાં ફોરચ્યુનસ્પીકના નેજા હેઠળ યોજાશે.

## હાર્દિકની ધરપકડ કરવા ક્રાઈમ બ્રાંચે ઈનકાર કર્યો

અમદાવાદ ક્રાઈમ બ્રાંચે પાટીદાર નેતા હાર્દિક પટેલ અને તેમના સમર્થકોની આજે ધરપકડ કરવાનો ઈનકાર કરી દીધો હતો. ગયા સપ્તાહમાં કેસ દાખલ કરવામાં આવ્યો હતો. શહેરમાં ભાજપના કોર્પોરેટર પરેશ પટેલના ઘરે પાટીદાર યુવકોના ટોળા સાથે તોડફોડ કરવા માટે હાર્દિક પટેલ સામે રામોલ પોલીસ સ્ટેશનમાં કેસ દાખલ કરાયો હતો. આજે હાર્દિક અને તેમના ડઝન જેટલા સમર્થકો જે આ કેસમાં નામ ધરાવે છે તે લોકો શરણાગતિ સ્વીકારવા માટે ક્રાઈમ બ્રાંચમાં પહોંચી ગયા હતા પરંતુ તેમની ધરપકડ કરવામાં આવી ન હતી. આ કેસમાં તપાસ અધિકારી શહેરમાં નહીં હોવાથી વાત આગળ વધી ન હતી. આસીસ્ટન્ટ કમિશનર ઓફ પોલીસ બીસી સોલંકીએ માહિતી આપતા કહ્યું હતું કે પટેલને દર સોમવારે અમારી સમક્ષ ઉપસ્થિત થવાની જરૂર છે.

## કાળઝાળ ગરમી... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

વધી ગઈ હતી. ઠંડા પાણી અને આઈસક્રીમની માંગમા એકાએક જ ઉછાળો આવ્યો હતો. હજુ તો ચૈત્ર માસ શરૂ થયો નથી ત્યાં જ ગરમીએ રૌદ્ર રૂપ ધારણ કર્યુ છે. આગામી દિવસોમાં હજુ પારો કેટલો ઉંચો જશે તેની સૌ કોઈ ચર્ચા કરતા નજરે ચઢ્યા હતા. બજારો અને હરવા ફરવાના સ્થળો પણ બપોરના સમયે સુમસામ જોવા મળ્યા હતા. તડકો ઓછો થયા બાદ જ વસાહતીઓ ઘરની બહાર નીકળ્યા હતા. પાટનગરમાં ગરમી વધતાં જ વસાહતીઓ હવે બગીચાઓમાં બેસવા જતા થયા છે. ઘ-૪ સર્કલની આજુબાજુ આવેલા બંને તરફના બગીચાઓ સાંજ પડતાં જ વસાહતીઓથી ઉભરાવવા લાગ્યા હતા. અહીંના બંને તરફના માર્ગોપર બરફગોળાની લારીઓનો જમાવડો જોવા મળ્યો હતો. હવામાન વિભાગે ગરમી મામલે યલો કોડ આપી ચેતવણી જાહેર કરી છે. આગામી એકાદ બે દિવસ હજુ હીટવેવની અસર સમગ્ર રાજ્યમાં રહેશે. આજે અમદાવાદમાં મહત્તમ તાપમાન ૪૨.૮ ડિ.સે., વડોદરામાં ૪૨.૫ ડિ.સે., સુરતમાં ૪૧.૪ ડિ.સે. અને ભૂજમાં ૪૨ ડિ.સે. રહ્યુ હતુ.

## દાવેદારો... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

બાબુસિંહ ઠાકોર, સુરેશભાઈ પટેલ તેમજ શિક્ષણ સમિતિના ચેરમેન ગીતાબેન પટેલે પણ ટિકિટની માંગ કરી છે. જિલ્લા પંચાયતના સભ્ય ભાવિનસિંહ ઠાકોર સહિત ૧૫ જણાએ આ બેઠક માટે ટિકિટની માંગ કરી છે. ગાંધીનગર (ઉ)ની બેઠક માટે પંચાયતના પૂર્વ ઉપપ્રમુખ વિરેન્દ્રસિંહ વાઘેલા, પૂર્વ ધારાસભ્ય ડૉ. સી.જે. ચાવડા, મ્યુનિ. કાઉન્સીલરો ચીમનભાઈ વિંઝુડા, જીતુભાઈ રાયકા, પિન્કીબેન પટેલ, જિલ્લા પંચાયતના કો.ઓપ્ટ સભ્ય ઈન્દુબેન રાવલ, મહિલા કોંગ્રેસના વર્તમાન પ્રમુખ ભાનુબેન રોહિત, પૂર્વ પ્રમુખ પ્રેમબા હાડા, પૂર્વ શહેર કોંગ્રેસ પ્રમુખ મુકેશ પટેલ તેમજ પ્રદેશ મહામંત્રી અને પ્રવક્તા નિશીત વ્યાસ સહિત ૧૭ લોકોએ ટિકિટની માંગણી કરી છે. ગાંધીનગર (ઉ) માટે ૧૭, ગાંધીનગર (દ) માટે ૧૫, માણસા માટે ૧૫, દહેગામ માટે ૯ અને કલોલ માટે ૩ ટિકિટ વાંચ્છુઓએ ટિકિટની માંગ કરી છે. વર્તમાન ધારાસભ્યોની કામગીરી સામે જે રીતે ટિકિટની માંગણી કરાઈ છે તેનાથી પ્રદેશ નેતાગીરી પણ ચોંકી ઉઠી છે. તો ગાંધીનગર (ઉ) અને ગાંધીનગર (દ) જે બેઠકો કોંગ્રેસ પાસે નથી એવી આ બે બેઠકો માટે ૩૨ ટિકિટવાંચ્છુઓએ ઉમેદવારીનો દાવો રજુ કર્યો છે.

## નબળુ ચિત્ર... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

વસુલાત ઝુંબેશના અંતે કોઈ ખાસ રીકવરી ન થતા વર્ષ દરમિયાન પણ વેરાની રકમ સ્વીકારવામાં આવે છે. પરંતુ બાકીદારોને વળતરનો લાભ માત્ર ઝુંબેશ દરમિયાન જ આપવામાં આવે છે. પાણી ગટર વેરાની વસુલાતના અંતે પણ નબળુ ચિત્ર ઉપસી આવ્યુ છે. પાણી ગટર વેરાની ચુકવણી માટે જોડાણકર્તાઓની ઉદાસીનતા તંત્ર માટે પણ ચિંતાનો વિષય બની રહયો છે.

## આધારકાર્ડ નહી... ● અનુસંધાન પહેલાનું ચાલુ

ફરજિયાત કરી શકે નહીં. જોકે કોર્ટે સ્પષ્ટતા કરી હતી કે, સરકારને બેંક ખાતા ખોલવા જેવી અન્ય યોજનાઓમાં આધારનો ઉપયોગ કરવાથી રોકી શકાય નહીં. સુપ્રીમ કોર્ટે કહ્યું હતું કે, આધારને પડકાર ફેંકતી અરજીઓની સુનાવણી ચલાવવા માટે સાત ન્યાયાધીશોની એક બેંચની રચના કરવાની બાબત યોગ્ય નથી, આ બાબત શક્ય પણ નથી. અત્રે નોંધનીય છે કે, આ અગાઉ પણ સુપ્રીમ કોર્ટ તરફથી એવો આદેશ આપવામાં આવી ચૂક્યો છે કે, આધારકાર્ડ કોઈનાં પણ માટે ફરજીયાત કરી શકાય નહીં. આધારકાર્ડ નહીં હોવાની સ્થિતિમાં કોઈ લાભાર્થીને કલ્યાણકારી યોજનાઓનાં લાભ લેવાથી વંચિત રાખી શકાય નહીં. સુપ્રીમ કોર્ટનાં આજનાં તારણને મહત્વપૂર્ણ ગણવામાં આવે છે. ચીફ જસ્ટીસ જે.એસ.ખેહરનાં નેતૃત્વમાં બેંચે આ મુજબનાં સૂચનો કર્યા હતાં. વરિષ્ઠ વકીલ શ્યામ દિવાન દ્વારા આ અરજી પર તાકીદે સુનાવણીની માંગ કરી હતી અને કહ્યું હતુ કે, ઘણાં લોકો આધાર વગરનાં છે અને તેમને કલ્યાણકારી યોજનાનો લાભ મળે તે જરૂરી છે. જોકે તાકીદે સુનાવણીનો સુપ્રીમ ઈન્કાર કર્યો હતો પરંતુ કહ્યું હતું કે, ખાનગી સંસ્થાઓ દ્વારા એકત્રિત કરવામાં આવેલાં બાયોમેટ્રીક ડેટા ખૂબજ સારાં વિચાર તરીકે છે. ખેહરના નેતૃત્વમાં બેંચે કહ્યું હતું કે સામાજિક કલ્યાણની યોજનાઓ માટે આધારને ફરજિયાત કરી શકાય નહીં પરંતુ આને બિનલાભકારી યોજનાઓ માટે ફરજિયાત કરવામાં આવી શકે છે. અમારો અગાઉનો આદેશ બિલકુલ સ્પષ્ટ હતો. ઈન્કમટેક્સ જેવી બિનલાભકારી યોજનાઓમાં આધારને ફરજિયાત કરવાથી સરકારને રોકી શકાય નહીં. હાલમાં જ સરકારે આશરે એક ડઝન કેન્દ્ર સરકારની યોજનાઓના લાભાર્થીઓ માટે ૧૨ આંકડાવાળા આધારકાર્ડને ફરજિયાત કરવાનો નિર્ણય કર્યો હતો. જેમાં સ્કુલમાં બાળકોને આપવામાં આવતા મધ્યાહ્ન ભોજનની સ્કીમ પણ સામેલ છે. જેના પર મોડેથી છૂટછાટ આપવાનો નિર્ણય કરવામાં આવ્યો હતો. આ ઉપરાંત પછાત વર્ગ અને વિકલાંગ બાળકોને મળનાર સ્કોલરશીપ માટે પણ આધારને ફરજિયાત કરવો નિર્ણય કરવામાં આવ્યો હતો. સુપ્રિમ કોર્ટે આદેશમાં કહ્યું હતું કે આધારનો ઉપયોગ સ્વૈચ્છિક હોવો જોઈએ, ફરજિયાત હોવો જોઈએ નહીં. સુપ્રિમ કોર્ટે ૧૧મી ઓગસ્ટ ૨૦૧૫ના દિવસે ઠેરવ્યું હતું કે આધારકાર્ડને સરકારી કલ્યાણકારી યોજનાનો લાભ લેવા માટે ફરજિયાત કરી શકાય નહીં. સ્કીમ હેઠળ નોંધણી માટે એકત્રિત કરવામાં આવેલા અંગત બાયોમેટ્રીક ડેટા શેર કરવાથી સત્તાવાળાઓને રોકવાનો આદેશ કરાયો હતો. જોકે ૧૫મી ઓકટોબર ૨૦૧૫ના દિવસે તેના દ્વારા આ નિયંત્રણો ઉઠાવી લેવામાં આવ્યા હતા.

## સુવર્ણ તક... ● અનુસંધાન પહેલાનું ચાલુ

બાદ ભારત સામે હવે જીતવા માટે ૧૦૬ રનનો લક્ષ્યાંક છે. આજે રમત બંધ રહી ત્યારે ભારતે કોઈપણ વિકેટ ગુમાવ્યા વિના ૧૯ રન બનાવી લીધા હતા. ભારતને હવે વધુ ૮૭ રનની જરૂર છે અને તેની તમામ ૧૦ વિકેટ હાથમાં છે તે જોતા ભારત હવે આ ટેસ્ટ શ્રેણીમાં જીતની નજીક છે. ચાર ટેસ્ટ મેચોની શ્રેણીમાં ભારતને ૨-૧ની લીડ મેળવી લેવાની સુવર્ણ તક છે. આવતીકાલે સવારે જ ભારત આ સિદ્ધિ મેળવીને ઈતિહાસ સર્જે તેવી શક્યતા છે. ઓસ્ટ્રેલિયા સામે નિરાશાજનક શરૂઆત કર્યા બાદ એમ માનવામાં આવી રહ્યું હતું કે ભારતીય ટીમ વાપસી કરી શકશે નહીં પરંતુ આજે આ ટેસ્ટ મેચમાં ત્રીજા દિવસે ભારતીય બોલરો છવાયેલા રહ્યા હતા. ઓસ્ટ્રેલિનય ટીમ ૫૩.૫ ઓવર સુધી જ બેટીંગ કરી શકી હતી. ચમત્કારીક રીતે ઓસ્ટ્રેલિયન ટીમ માત્ર ૧૩૭ રનમાં ઓલઆઉટ થઈ ગઈ હતી. આ ટેસ્ટ મેચ હવે ભારતના હાથમાં આવી ગઈ છે. રવિન્દ્ર જાડેજાનો દેખાવ ખૂબ જોરદાર રહ્યો છે. રવિન્દ્ર જાડેજા આ સિઝનમાં બીજો સૌથી વધારે વિકેટ લેનાર બોલર તરીકે ઉભરી આવ્યો છે. આ સિઝનમાં ભારત માટે સતમી વિકેટની સરેરાશ ભાગીદારી નોંધાઈ ચુકી છે. આ પહેલા જેએસસીએ ઈન્ટરનેશનલ સ્ટેડિયમ ખાતે રમાયેલી ત્રીજી ટેસ્ટ મેચ ડ્રોમાં પરિણમી હતી. રાંચીના મેદાન પર રમાયેલી ત્રીજી ટેસ્ટ મેચના પ્રથમ દિવસે જ કેટલાક રેકોર્ડ સર્જાયા હતા. રાંચી ટેસ્ટ મેચમાં ઓસ્ટ્રેલિયાના સ્ટાર બેટ્સમેન અને કેપ્ટન સ્ટીવ સ્મીથે ટેસ્ટ ક્રિકેટમાં ૫૦૦૦ રન પુરા કરી લીધા હતા. સ્ટીવ સ્મીથે ૯૭ ઈનીંગ્સમાં પાંચ હજાર રન પુરા કર્યા હતા. સૌથી ઝડપથી ટેસ્ટ ક્રિકેટમાં પાંચ હજાર રન પુરા કરનાર ખેલાડીની યાદીમાં તે સાતમાં ક્રમાંકે પહોંચી ગયો હતો. ત્રીજી ટેસ્ટમાં સદી ફટકાર્યા બાદ ચોથી ટેસ્ટમાં પણ સ્મિથ સદી કરી ચુક્યો છે. અત્રે નોંધનીય છે કે બેંગ્લોરના ચિન્નાસ્વામી સ્ટેડિયમ ખાતે ભારતે ચમત્કાર અને ઈતિહાસ સર્જીને બીજી ટેસ્ટ મેચ ઓસ્ટ્રેલિયા પર ૭૫ રનથી જીતી લીધી હતી. આની સાથે જ ચાર ટેસ્ટ મેચોની શ્રેણીમાં ૧-૧થી બરોબરી કરી હતી. ધર્મશાળા ટેસ્ટ મેચ બંને ટીમો માટે નિર્ણાયક પુરવાર થઈ શકે છે. બંને ટીમો ૧-૧થી બરોબર ધરાવે છે. આવતીકાલે ચોથા દિવસે ભારત લંચ પહેલા જ મેચ જીતીને ઔપચારીકતા પૂર્ણ કરે તેમ માનવામાં આવે છે. વિરાટ કોહલી આ ટેસ્ટમાં રમી રહ્યો નથી.

## આ પણ વાંચીએ...

### ● પ્રેમીઓની યાદમાં એકબીજા પર પત્થરબાજી

મધ્યપ્રદેશના છિંદવાડા જિલ્લામાં પ્રેમીઓની યાદમાં એક અનોખી



પરંપરા નીભાવવામાં આવે છે. પ્રેમના માટે જીવ આપી દેનારા પ્રેમી-પ્રેમીકાની યાદમાં બે ગામના લોકો વચ્ચે પત્થરબાજી થાય છે જેને સ્થાનિકો ગોટમાર કહે છે. આ પરંપરા અનુસાર છિંદવાડા જિલ્લાના સાવરગાંવ અને પાંઢુર્ના ગામ વચ્ચે વહેતી નદી પર એક લાંબો ઝંડો લગાવવામાં આવે છે. બંને ગામોના લોકો પત્થરબાજી કરી આ ઊંચા ઝંડાને પાડવાનો પ્રયાસ કરે છે. જે ગામના લોકો ઝંડાને પહેલા પાડી દે છે તે વિજય થાય છે.

### ● આઠ વર્ષ પછી ખોવાયેલુ પર્સ મળ્યુ

બોસ્ટનની કોર્ટની કોલોની નામની મહિલા સાથે એક અનોખી



ઘટના બની ગઈ. આઠ વર્ષ પહેલા ચોરી થયેલુ તેમનુ પર્સ હવે મળી ગયુ છે. તેમાં રાખેલી રકમ અને કાર્ડ પણ સલામત છે. ૨૦૦૯માં કોર્ટની એક કંપનીમાં ટ્રેનિંગ કરી રહી હતી. એક દિવસ ઓફિસ જતી વખતે તે પોતાનુ પર્સ કારમાં જ ભુલી ગઈ હતી. સાંજે તેઓ પાછા આવ્યા ત્યારે કારનો કાચ તુટેલો હતો અને પર્સ ગાયબ હતુ. તેઓએ આ અંગે પોલીસ ફરિયાદ પણ કરી હતી. આઠ વર્ષ બાદ એક દિવસ અચાનક જ પોલીસ કર્મી તેઓના ઘરે આવ્યો હતો અને તેમનુ ચોરાયેલુ પર્સ સહીસલામત પરત આપ્યુ હતુ. આ પર્સ જોઈ તેઓ આશ્ચર્યચકિત થઈ ગયા હતા.

### ● વિશ્વની સૌથી ઝડપી પોલીસકાર દુબાઈમાં

દુનિયાની સૌથી ઝડપી પોલીસકાર દુબાઈમાં છે. દુબાઈ પોલીસે




પેટ્રોલીંગ માટે તાજેતરમાં જ એક સુપર કાર વસાવી છે. બુગાડી વેરોના કારની સ્પીડ ૪૦૭ કિ.મી. પ્રતિ કલાક છે. દુબાઈ પોલીસ પાસે હાલમાં આવી ૧૪ સુપર કાર છે.

## લોકસભામાં હોબાળો... ● અનુસંધાન પહેલાનું ચાલુ

બોલાચાલી થઈ હતી. શિવસેનાના નેતા આનંદરાવે આ મુદ્દો ઉઠાવ્યો હતો અને કહ્યું હતું કે તેઓ તમામ મોટી એરલાઈન્સો દ્વારા ગાયકવાડ ઉપર મુકવામાં આવેલા વિમાની યાત્રા પરના પ્રતિબંધને દુર કરવાની ઈચ્છા ધરાવે છે. ૨૩મી માર્ચના દિવસે એર ઈન્ડિયાના ફરજ ઉપર રહેલા મેનેજરને માર મારવાનો ગાયકવાડ ઉપર આક્ષેપ કરાયો છે. ગૃહમાં શિવસેનાના નેતા આનંદરાવ અદસુલે કોમેડિયન કપિલ શર્મા હાલમાં જ કરવામાં આવેલા ખરાબ વર્તનનો મુદ્દો ઉઠાવ્યો હતો. ઓસ્ટ્રેલિયાની ફ્લાઈટ દરમિયાન કપિલ શર્માએ ભારે મારામારી કરી હતી. કપિલ સામે કોઈ પગલાં કેમ લેવામાં આવી રહ્યા નથી તેવો મામલો શિવસેનાએ ઉઠાવ્યો હતો. બીજી બાજુ નાગરિક ઉડ્ડયન મંત્રી અશોક ગજપતિ રાજુએ કોઈ હકારાત્મક જવાબ આપવાના બદલે એરલાઈન્સના પગલાંનો બચાવ કર્યો હતો. ગયા સપ્તાહમાં ફ્લાઈટમાં ગાયકવાડે ખરાબ વર્તન કર્યું હતું.

## ગરમીનો પ્રકોપ... ● અનુસંધાન પહેલાનું ચાલુ

સમાવેશ થાય છે. ડીસામાં ૪૩.૪, ગાંધીનગરમાં ૪૩.૨, અમરેલીમાં ૪૩, સુરેન્દ્રનગરમાં ૪૩.૩ અને અમદાવાદમાં ૪૨.૮ ડિગ્રીમ મહત્તમ તાપમાન નોંધાયું હતું. જેથી લોકો ત્રાહિમામ પોકારી ગયા હતા. હવામાન વિભાગ તરફથી યલો કાર્ડ સાથે ચેતવણી જારી કરવામાં આવી છે. બીજી બાજુ હિટવેવની ચેતવણી પણ હવામાન વિભાગ તરફથી જારી કરવામાં આવી છે જેથી આગામી બે દિવસ સુધી લોકોને ગરમીથી કોઈપણ રાહત નહીં મળે તેવી શક્યતા દેખાઈ રહી છે. હવામાન વિભાગનું કહેવું છે કે, મહત્તમ તાપમાન હજુ પણ વધી શકે છે. મહત્તમ તાપમાન વધવા માટે કેટલાક પરિબળો પણ જવાબદાર દેખાઈ રહ્યા છે. સૌરાષ્ટ્ર, કચ્છ તથા ગુજરાત પ્રદેશમાં તીવ્ર ગરમીનું મોજુ ફરી વળશે તેવી ચેતવણી બાદ તંત્ર સાવધાન થઈ ગયું છે. હાલમાં જુદી જુદી સંસ્થાઓ દ્વારા વધતી ગરમી વચ્ચે લોકોના માટે પીવાના પાણીની વ્યવસ્થા પણ કરવામાં આવી રહી છે. રાજ્યભરમાં મહત્તમ અને લઘુત્તમ તાપમાનમાં ફેરફારનો દોર જારી રહેતા સામાન્ય લોકો પરેશાન થયેલા છે. વધતી જતી ગરમીની સિઝનમાં હવે પેટમાં દુખાવાની ફરિયાદ વધારે રહી શકે છે. અન્યત્ર વિસ્તારોમાં લઘુત્તમ અને મહત્તમ તાપમાનમાં એક અથવા બે ડિગ્રીના તાપમાનની સ્થિતિ રહી હતી.

બીજી બાજુ તાપમાનમાં ફેરફાર થવાના લીધે બાળકો, મોટી વયના લોકોને ઈન્ફેકશનની તકલીફો વધી છે. તાપમાનમાં ફેરફારની સ્થિતિ નોંધાઈ છે. બે ઋતુનો અહેસાસ શહેરીજનો કરી રહ્યા છે. બીજી બાજુ સિઝનમાં વારંવાર ફેરફારના લીધે બીમારી ફેલાઈ રહી છે. રાજ્યના અન્ય ભાગોમાં પણ તીવ્ર ગરમીનો અનુભવ લોકોએ કર્યો હતો. સૌરાષ્ટ્રના કચ્છમાં લોકો ભારે મુશ્કેલી અનુભવી રહ્યા છે. પાણીજન્ય રોગના કેસોમાં વધારો થવાના સંકેત પણ દેખાઈ રહ્યા છે. તંત્ર દ્વારા વિવિધ પગલાં લેવાઈ રહ્યા હોવા છતાં પાણીજન્ય રોગના કેસો વધી રહ્યા છે. ઝાડા-ઉલ્ટીના ૫૧૧ કેસ માર્ચ મહિનામાં સપાટી પર આવ્યા છે. જ્યારે ૨૦૧૭માં હજુ સુધી ૧૨૨૫ જેટલા કેસ નોંધાઈ ચુક્યા છે. નારાયણપુરા, વાસણા, વેજલપુર, અમરાઈવાડી વોર્ડમાં કોલેરાના કેસ પણ નોંધાયા છે. હવામાન વિભાગ તરફથી પણ કહેવામાં આવ્યું છે કે આગામી દિવસોમાં ગરમીના પ્રમાણમાં વધારો થઈ શકે છે.